**૨૧/૬/૨૪ : યોગ દિવસ :** બાળકોને અલગ અલગ યોગ મુદ્રાઓ અને કસરત કરાવવામાં આવી તેમજ વિદ્યાર્થીઓ વચ્ચે યોગ મુદ્રાની સ્પર્ધા રાખવામાં આવી. જેમાં બાળકોએ જુદા-જુદા આસનો કરી ચોદાની હરીફાઇ કરી.





**૨૦/૭/૨૪ : ગૌરી વ્રત/ગુરુ પૂર્ણિમા ઉજવણી :** ગૌરીવ્રતની ઉજવણી રૂપે નાની બાળકીઓએ ગૌરીવ્રતને અનુરૂપ ગીતો ગાઇને ગોરમાની પૂજા અર્ચના કરી. ગૌરી વ્રતની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ શાળાની ઉત્તરોત્તર પ્રગતિ તેમજ ભાવાવરણની અનુભૂતિ કરાવતા પરમ પૂજ્ય શ્રી નારાયણ બાપુના ગુરુપુર્ણિમાના દિવસે પૂર્વ પ્રાથમિકના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પૂજન કરીને ગુરુ વંદના કરવામાં આવી.



**૩/૮/૨૪ : છાપકામ :** નર્સરી, શિશુ-૧ના વિદ્યાર્થીને ભીડાં છાપ વડે તેમજ શિશુ-૨ના વિદ્યાર્થીને હાથના પંજાની છાપકામ કરાવી સુંદર ચિત્ર બનાવ્યું હતું. (કન્વી. બેલાબેન)



**૧૩/૮/૨૪ : જલ, થલ, નભ, ગતિ વિધિ રમત :** આ રમત દ્વારા બાળકોને ધરતી, આકાશ, પાતાળની ગતિ વિધિની જાણકારી તેમજ બાળકોમાં રહેલી ચપળતાથી પૂર ઝડપે નિર્ણય લેવાની શકિત જાગ્રત કરાવે છે. આ રમત રમવાની બાળકોને ખૂબ મજા આવી હતી. (કન્વી. બેલાબેન)



**૧૫/૮/૨૪ : વેશભૂષા :** ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે નાના-નાના ભૂલકાંઓએ વિવિધ દેશ નેતા અને સ્વાંતત્ર્ય સેનાનીઓ જેમ કે, ઝાંસી કી રાની, મગંલ પાંડે, સુખદેવ, જવાહરલાલ નહેરુ, સરોજીની નાયડુ જેવા વિવિધ દેશ નેતાઓનો વેશભૂષા ધારણકરી તેમના સૂત્રો અને નારાઓ બોલાવી. વાતાવરણને દેશભકિતમય બનાવ્યું હતું. તેમજ શિશુ-૨ ની વિદ્યાર્થીની પટેલ મનસ્વીએ ખૂબ જ સુંદર સંગીત સાથે દેશભકિત ગીત રજૂ કર્યુ હતું.



**૧૭/૮/૨૪ : રક્ષાબંધનની ઉજવણી :** રક્ષાબંધનનો તહેવાર બહેન ભાઇનાં પ્રેમનાં પ્રતિક તરીકે ઉજવવામાં આવે છે. આ તહેવારમાં બહેન પોતાનાં ભાઇને રાખડી બાંધે છે. અને ભાઇ બહેનને સુંદર ભેટ આપી તેની રક્ષા કરવાનું વચન આપે છે. બાળકોને શિક્ષકો દ્વારા રક્ષાબંધનનું શું મહત્વ છે તે સમજાવી નાની બાળાઓના હાથે પોતાના નાના ભાઇઓના હાથે રાખડી બંધાવી પર્વની ઉજવણી કરવામાં આવી. (કન્વી. ધૃતિબેન, રેખાબેન)

**૧૨/૮/૨૪ : સૂર્યદેવ પૂજન (મહાદેવ પૂજન) :** વિદ્યાર્થીઓને શ્રાવણ માસનો મહિમા અને ભગવાન ભોળેનાથ મહાદેવની પૂજા અર્ચના કરવામાં આવી. અને જળ ચડાવી આરતી કરવામાં આવી હતી. સૂર્ય દેવને અર્ઘ આપી. સૂર્યનારાયણ ભગવાનનો મહિમા અને હિન્દુ ધર્મનાં સંસ્કારનું સિંચન બાળકોમાં થાય તે હેતુથી આજ રોજ શાળામા તાંબાના લોટા વડે સૂર્ય દેવને જળ ચડાવી શ્લોક ગાન કરાવવામાં આવ્યુ હતું. (કન્વી. ધૃતિબેન)





**૧૫/૮/૨૪ : વાલી મિંટીગ :** માતા-પિતા દ્વારા બાળકોના સુયોગ્ય ઘડતરમાં માતા-પિતાનો ફાળો, જીવનમાં સંસ્કારનું મહત્વ, બાળકોમાં શિસ્ત, હકારાત્મક વલણ વગેરેની ચર્ચા કરવામાં આવી. સાથે બાળકોની શાળાકીય વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓની પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમા વાલીઓનો ખૂબ સારો સહકાર મળ્યો.





"શિક્ષક-શિષ્યનો સંબંધ
ત્યારે જ શરૂ થાય છે
જ્યારે બાળકનું નામ
શિક્ષકના હૃદયરૂપી
રજિસ્ટરમાં નોંધાય છે.
– પી. કે. ત્રિવેદી

**૨૪/૮/૨૪ : જન્માષ્ટમીની ઉજવણી :** શાળામાં જન્માષ્ટમીની ઉજવણી ભવ્ય રીતે કરાવવામાં આવી હતી. જેમા કૃષ્ણ ભગવાનનો સુંદર ઝુલો શણગારવામાં આવ્યો અને તેમાં નાના લાલજીને બેસાડી ઝુલાવવામાં આવ્યા. આ દિવસે વિદ્યાર્થીઓ સુંદર બાળકૃષ્ણ, રાધા, મીરા, સુદામા, યશોદા, વાસુદેવ, નંદ, દેવકી વગેરે પાત્રોની વેષભૂષા ધારણ કરી હતી. અને નાના કૃષ્ણ દ્વારા મટકી ફોડનો કાર્યક્રમ કરાવવામાં આવ્યા. અને બાળકોએ રાસ ગરબા તેમજ **"નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી"** જેવા નારા બોલાવી આનંદ માણ્યો હતો.





**જેને
ઉડવું છે
તેને
ગગન
મળી
રહે છે.**

**૫/૯/૨૪ : શિક્ષકદિનની ઉજવણી :** શિક્ષક દિનની ઉજવણી નિમિતે ૧૧ કોમર્સના વિદ્યાર્થીઓ શિક્ષક તરીકે પૂર્વ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ ભણાવવા શિક્ષક બનીને આવ્યા હતા. જેમાં તેઓએ બાળકોને પ્રાર્થના, શ્લોક, બાળગીત તેમજ રમત-ગમત દ્વારા ભણાવી શિક્ષક દિનની ઉજવણી કરી હતી. ૧૧ કોર્મસના વિદ્યાર્થીઓ અને નાના બાળકોએ ખૂબ સરસ રીતે શિક્ષક દિનની ઉજવણી કરી હતી.







**૧૨/૯/૨૪ : ગણેશોત્સવ :** શાળામાં સ્થાપન કરેલ શ્રી ગણેશજીની પ્રતિમાની નાના બાળકો દ્વારા પૂજા, આરતી કરાવવામાં આવી હતી. (કન્વી. ધૃતિબેન)

**૧૧/૧૦/૨૪ : નવરાત્રી ઉજવણી :** માઁ આદ્યશકિત અંબેમાંના નવલાં નોરતાના દિવસો જેમાં અષ્ટમીનાં નોરતે માતાજીનો ગરબો શણગારી નાની બાળાઓ દ્વારા માતાજીની આરતી, થાળ અને પૂજા કરી. નવરાત્રીનું અને ગરબાનું મહત્વ સમજાવામાં આવ્યું. અને પૂર્વ પ્રાથમિકના બાળકો ગરબાનો આનંદ માણ્યો હતો. જેમાં બેસ્ટ ગરબા એકશન, બેસ્ટ ગરબા ડ્રેસિંગ અને આરતી શણગાર જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

